**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૪ ટકા

# છઠ્ઠુ નોરતું : માં કાત્યાયનીની પૂજા આરાધનાનું આગવું મહત્વ

## માતા નવદુર્ગાનું તેજોર્મય ચૈતન્ય સ્વરુપ કાત્યાયની મહિષાસુરમર્દિની માતા નવદુર્ગાનું છઠ્ઠું સ્વરુપ



આસોના નોરતા ચાલી રહ્યાં છે.૧ તારીખે છઠ્ઠુ નોરતું છે. નવરાત્રિના નવ દિવસ માતા દુર્ગાના અલગ અલગ સ્વરૂપોને સમર્પિત હોય છે. મા કાત્યાયનીની પૂજા આરાધના કરવામાં આવે છે. જે ભક્તની મનોકામના પૂર્ણ કરે છે. કહેવાય છે કે, કત નામના એક પ્રસિધ્ધ મહર્ષિ હતા. એમના પુત્ર ઋષિ કાત્ય હતા. એમના જ ગોત્રમાં વિશ્વપ્રસિધ્ધ મહર્ષિ કાત્યાયન જન્મ્યા હતા. તેમણે ભગવતીની ઉપાસના કરતાં ઘણા વર્ષો સુધી કઠીન તપ કર્યું હતું. એમની ઈચ્છાથી માં ભગવતી એમના ઘરે પુત્રીના રૂપમાં જન્મ્યા હતા. માં ભગવતીએ એમની પ્રાર્થના સ્વીકારી જન્મ લીધો હતો. એમનું નામ કાત્યાયની રાખવામાં આવ્યું હતું. માં પોતાના ભક્તોને ક્યારેય નિરાશ કરતા નથી. માં કાત્યાયનીનું આ રૂપ ઘણું જ સરસ, સૌમ્ય અને મોહત છે. નવરાત્રીના આ દિવસે માં ભગવતીની સાચા મનથી પૂજા કરવામાં આવે તો અચૂક ફળ મળે છે. ઘટ સ્થાપન કરી માતાની ઉપાસના કરવામાં આવે તો મા એમનો ખોળો ભરી દે છે. નવરાત્રીના છઠ્ઠા દિવસે કળશ સ્થાપિત કરી મા કાત્યાયનીની પૂજા આરાધના કરવામાં આવે છે. હાથમાં ફૂલ રાખી પૂજા કરવામાં આવે છે ત્યાર બાદ મા કાત્યાયની માતાના મંત્રના જાપ કરાય છે.

### માતા કાત્યાયનીની પૂજાથી આ વિશેષ લાભ:

માતા કાત્યાયનીની પૂજા કરવાથી વ્યક્તિના મનને નિયંત્રિત કરવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે. વ્યક્તિ પોતાની તમામ ચિંતાઓ અને વ્યસનોથી મુક્ત થાય છે. કન્યાઓના જલદી વિવાહ માટે દેવીની પૂજા ઉત્તમ ગણવામાં આવે છે. વૈવાહિક જીવનમાં સફળતા માટે માતા કાત્યાયનીની પૂજા ફળદાયી છે. કુંડલીમાં વિવાહ યોગ નબળો હોય તો પણ વિવાહ થાય છે.

### આ રંગના કપડાં પહેરો:

આ દિવસે જો પીળા કે લાલ રંગના કપડાં પહેરવામાં આવે તો તે ખુબ શુભ રહેશે. આ રંગ સફળતા, ઉત્સાહ, શક્તિ અને સૌભાગ્ય તથા તાકાત દર્શાવે છે. જે લોકોને આ રંગ પસંદ હોય તે લોકો વિશાળ હૃદયના સ્વામી, ઉદાર ઉત્તમ વ્યક્તિત્વના ગુણોવાળા હોય છે. માતા કાત્યાયનીને મધ અતિ પ્રિય છે. માતાને મધ અર્પણ કરવું શુભ હોય છે. કહે છે કે કાત્યાયની માતાને મધ અર્પણ કરવાથી સુંદર રૂપનું વરદાન મળે છે.

### માતા કાત્યાયનીની પૂજા વિધિ:

સૌથી પહેલા ઘરમાં કળશ સ્થાપો અને ત્યારબાદ માતાની સાથે અન્ય દેવી દેવતાઓની પણ પૂજા કરો. તેમની પૂજા બાદ દેવી કાત્યાયનીની પૂજા શરૂ કરો. સૌથી પહેલા હાથમાં ફૂલ લઈને માતા કાત્યાયનીને પ્રણામ કરો. ત્યારબાદ પૂજન અને વ્રતનો સંકલ્પ લો અને વૈદિક તથા સપ્તશતી મંત્રોથી કાત્યાયની સહિત સમસ્ત સ્થાપિત દેવતાઓની મંત્રોચ્ચારથી પૂજા કરો. ધૂપ-દીપ, ફળ, પાન, દક્ષિણા ચઢાવો અને મંત્રોચ્ચાર સાથે પુષ્પાંજલિ અર્પણ કરો. ત્યારબાદ માતાને પ્રસાદ ચઢાવો અને આરતી કરો. પછી પરિવારના સભ્યો અને અન્ય લોકોમાં પ્રસાદને વહેંચી દો.

## જન્મદિને વધામણી




**મહેન્દ્રકુમાર બી ગજ્જર**
ઉપપ્રમુખ,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૫ ૮૩૮૯૮



**સુમિત્રાબેન પ્રજાપતિ**
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**હરદીપસિંહ જાડેજા**
મો. ૯૮૯૯૮ ૭૮૭૩૪




**દીલેરસિંહ ચૌહાણ**
મો. ૯૯૨૪૪ ૦૨૦૧૭



**ઠાકોર વિરલ નિકુજી**



**મીરાબેન શિવશંકર દવે**



**મીત ઠાકોર**

## કડી સર્વ વિશ્વવિદ્યાલયના એનએસએસના સ્વયંસેવકો દ્વારા સ્વચ્છતા અભિયાન




ગાંધીનગર, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ૧ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ નવી દિલ્હી ખાતે થી 'સ્વચ્છ ભારત' મિશન અરબન ૨.૦ લોન્ચ કરવામાં આવ્યું હતું જેને એક વર્ષ પૂરું થનાર છે સ્વચ્છ ભારત મિશનની આઠમી વર્ષગાંઠની ઊજવણીમાં આગળ વધતા પહેલા ઉજવણીના ભાગરૂપે પખવાડિક drive અમૃત મહોત્સવ નું આયોજન કરવામાં આવેલ છે આ પખવાડિક drive તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨ થી ૨ ઓક્ટોબર ૨૦૨૨ સુધી યોજનાર છે ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ ઈન્ડિયન સ્વચ્છતા સીંગ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના એનએસએસના સ્વયંસેવકો દ્વારા સેક્ટર ૨૧ માં સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી હતી તેમાં એનએસએસના સ્વયંસેવકો દ્વારા સફાઈ કામગીરી કામગીરી હાથ ધરવામાં આવી હતી તેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના એનએસએસના પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડો. રણછોડ રથવી સાહેબ, પ્રો.અંજલી પટેલના માર્ગદર્શન હેઠળ કાર્ય કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમને સફળ બનાવવા યશપાલ રથવી,જાદવ વિવેક, ચિંતન પટેલ, મહાવીર જાડેજા, કૃપાલ વાઘેલા, તરંગ જોષી, યશ ધોળું જેવા સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## એસ.વી. સ્કૂલ દ્વારા 'સ્વચ્છતા અભિયાન' ઉપર સ્કિટ



ગાંધીનગર, તા.૩૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં 'સ્વચ્છતા અભિયાન' ઉપર શિક્ષિકાઓ દ્વારા નર્સરી, જૂનિયર કે.જી. અને સીનિયર કેજીના બાળકો સમક્ષ સ્કિટ રજૂ કરવામાં આવી હતી, જેમાં શાળાના શિક્ષિકાઓએ અલગ અલગ ત્રણ વિષયો ઉપર સ્વચ્છતા વિષે સ્કિટ તૈયાર કરી, પોતે જ સ્કિટ ભજવી, રજૂ કરી હતી. તેમણે બાળકોને સ્વચ્છતા વિષે તમામ માહિતી આપી, જીવનમાં સ્વચ્છતાનું મહત્વ સમજાવી, બાળકો પાસે સ્વચ્છતાની જાળવણી માટેના શપથ લેવડાવ્યા હતા. અત્રે એ નોંધનીય છે કે વાલીમિત્રોએ પણ બેનર ઉપર સ્વચ્છતા વિષે સ્લોગન તૈયાર કરી, પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું અને શાળા પરિવારની આ અનોખી પ્રવૃત્તિને બિરદાવી હતી.

## સે. ૧૪માં માતૃવંદના ગરબા ઉત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૩૦

નવલી નવરાત્રીના પવિત્ર પર્વે મા અંબેના ગરબાનું આયોજન મહિલા મંડળે સૌના સાથ, સહકાર, સહયોગથી કરેલ છે. જેમાં જાગૃત વસાહત મંડળ પણ જોડાયેલ છે. આજરોજ માતાજીના ચોથા નોરતે માતૃવંદના ચોકમાં આરતી, સ્તુતિનું પણ આયોજન હતું.

આજના ગરબામાં કોર્પોરેટર ગૌરાંગભાઈ વ્યાસ, મહામંત્રી કનુભાઈ દેસાઈ, ગોલ બાપુ, વોર્ડ પ્રમુખ સુરેશભાઈ પટેલ, વિક્રમભાઈ ગોલ, પૂર્વ પ્રમુખ મફતભાઈ દેસાઈ, મહામંત્રી જગદિશભાઈ સોલંકી, રાજારામભાઈ પધારેલ સર્વેનું સ્વાગત ફૂલછડી અને માતાજીની છબી, પોસ્ટર વિ.થી કરવામાં આવેલ. સૌ કોઈ પ્રગતિ કરે તેવી શુભેચ્છા સાથે ઉષાબેન ચૌહાણે સંચાલન કરેલ. બાબુભાઈ દેસાઈ, રમેશચંદ્ર પંડ્યા, બાબુભાઈ શર્મા, મહેન્દ્રભાઈ ચૌહાણ, અજીતદાન ગઢવી, યુવા સંગઠનના ચિરાગ પંડ્યા, પંકજભાઈ શર્મા, જય દેસાઈ, નિમેષ ચૌહાણ તથા મહીલા મંડળના સર્વ મીનાબેન ગઢવી, ભગવતીબેન દેસાઈ, મીનાબેન પંડ્યા તથા અન્ય બહેનો પણ જોડાયેલ અને સોનલ બા ગોલ, ગીતાબેન વાઢેર પણ ઉપસ્થિત રહેલ. તેમ ઉષાબેન ચૌહાણ અને મીનાબેન ગઢવીએ જણાવ્યુ હતુ.

## સરસ્વતી વિદ્યાલય ખાતે ગરબા ઉત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

સેક્ટર-૬માં સરસ્વતી વિદ્યાલયમાં હાલમાં ચાલી રહેલા નવરાત્રી પર્વના અનુસંધાનમાં ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કે.જી. થી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના જાણીતા કિશોર કલાસિસના ડાયરેક્ટર બલવંતસિંહજી રાજપૂત અને મેનેજર પ્રકાશભાઈ બારોટે હાજરી આપી હતી. આ ઉપરાંત શાળાના પ્રમુખ પ્રદિપભાઈ બિહોલા પણ હાજર રહ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓ પરંપરાગત પોષાકમાં સજ્જ થઈને



ઉત્સાહભેર ગરબે ઘૂમ્યા હતા. શાળાનાં સમગ્ર શૈક્ષણિક સ્ટાફ તેમજ આચાર્ય, પ્રમુખ, વહીવટી કાર્યકર્તા બધા જ ગરબામાં જોડાયા હતા. સારો ટ્રેડિશનલ ડ્રેસ અને સારા ગરબા રમનાર વિદ્યાર્થીઓને પ્રથમ અને દ્વિતિય ઈનામ આપવામાં આવ્યા હતા. જેમાં કે.જી. વિભાગમાંથી ક્રિયાંશી, મોક્ષ, કાવ્યા અને દિવ્યરાજનો, પ્રાથમિક વિભાગમાંથી ધૃવિષા, હેમીરા, નિહારિકા, ગોસ્વામી હીર, પ્રાંસુ, પ્રતિક્ષા અને મહિમા તેમજ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાંથી ધ્રૃવી, ઉજ્જવલ, આયુષ અને ઠાકોર ભૂમિકાને ઈનામ મળ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ઉપસ્થિત મહેમાન તેમજ પ્રમુખના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓને અલ્પાહાર આપવામાં આવ્યો હતો.

ત્યારબાદ શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે આવેલ મહેમાનની તેમજ ઉપસ્થિત સર્વ કોઈની આભારવિધિ કરીને કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી. શાળામાં યોજાયેલા ગરબા મહોત્સવમાં વિદ્યાર્થીઓ મનમુકીને ઝુમ્યા હતા.

## શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં શ્રદ્ધા, ભક્તિ, આરાધનાનાં પર્વ નવરાત્રી મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૩૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં માં આદ્યશક્તિની આરાધનાના પર્વ નવરાત્રી નિમિત્તે તા. ૨૯-૯-૨૦૨૨ને ગુરૂવારના રોજ રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના તથા ભગીની શાળાના આચાર્ય શ્રીમતી નીવાબેન પટેલ, દશરથભાઈ પટેલ, સુપરવાઈઝરો તથા શિક્ષક ભાઈ-બહેનોએ માતાજીની આરતી બાદ ખેલૈયા બની આનંદથી મનમુકીને ગરબે ઘૂમ્યા હતા.



## ડિવાઈન પ્રિસ્કુલ ખાતે ભૂલકાંઓ દ્વારા નવરાત્રીની ઉજવણી



ગાંધીનગર, તા.૩૦

સરગાસણ અને સેક્ટર ૫ની પ્રખ્યાત ડિવાઈન જુનિયર પ્રિસ્કુલમાં નવરાત્રીની ઉજવણીનો રંગારંગ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં બેસ્ટ ડ્રેસ , બેસ્ટ ગરબા જેવા ઈનામોથી બાળકોને નવાજવામાં આવ્યા હતા. જેમાં Best Performance Boys : દેવર્ષ ચૌધરી, રેયાંશ બોરીચા, હર્ષિલ પરમાર, વિધાન પટેલ, Girls : અક્ષી પટેલ, યાના નાયી, દ્વિજા લીમ્બાચીયા, અધ્યા શાહ, Best Dress Boys : ધ્વિજ મિસ્ત્રી, ધ્યાન ઝીઝુવાડિયા,નિશ્વ ચૌધરી,જહાંન રાખોલ્યા,ભવિષ્ય મોર,આરવ પરમાર, Best Dress Girls : હીરવા પંચાલ, આધ્યા ત્રિવેદી, વિરા જોશી,હીર સિંધી,આર્યા જોશી,શિવાંશી જોશી વિજેતા બન્યા હતા. ડિવાઈન જુનિયરના ફાઉન્ડર ગીરા ચૌધરી આવા કાર્યક્રમો યોજીને બાળકોનો સર્વાંગી વિકાસ કરી રહ્યા છે.

## પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજની કુસ્તી ટીમ રનર્સઅપ



ગાંધીનગર, તા.૩૦

ગુજરાત યુનિ. આંતર કોલેજ કુસ્તી (બહેનો)ની સ્પર્ધા તાજેતરમાં ગુજરાત યુનિ. ખાતે યોજાઈ હતી.જેમાં ગુજરાત યુનિ.ની કોલેજોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાત યુનિ.આંતર કોલેજ સ્પર્ધામાં પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજની ટીમ રનર્સ અપ થઈ હતી. આ ટીમમાં કુ.ચેતના જોષીએ ૫૭ કેજી વજન ગ્રૃપમાં ગોલ્ડ, કીંજલ નાડીયાએ ૭૫ કેજી ગ્રૃપમાં સિલ્વર, નિશા ચૌધરીએ ૫૦ કેજી ગ્રૃપમાં સિલ્વર અને હિના પરમારે ૬૮ કેજી ગ્રૃપમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. ખેલાડી બહેનોને મંડળના પ્રમુખ હરીભાઈ વી.ચોધરી, ઉપપ્રમુખ તથા કોલેજના કન્વીનર રણછોડભાઈ ચોધરીએ અભિનંદન પાઠવ્યા હતા.



ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ દ્વારા નિઃશુલ્ક ચાલતા યોગ વર્ગમાં યોગ વર્ગ સેક્ટર ૪ ના ગાર્ડન ખાતે ચાલતા વર્ગ માં ગરબા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં આયર્વેદિક દવાખાનું ચલાવતા ડૉક્ટર મમતાબેન હાજર રહ્યા હતા તેમણે યોગ્ય આહાર વિશે ખૂબ સુંદર માહિતી આપી હતી સાથે સંગીતાબેન, વંદનાબેન તેમજ મમતા બેને માતાજીની આરતી ઉતારી ગરબા ની મજા માણી હતી.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ.ખાસગીવાલ ઉપેન્દ્ર વિજયસિંહ ઉ.વ.૯૪, અંબાપુર
- સ્વ.પરમાર આકાશકુમાર નટવરલાલ ઉ.વ.૩૨, વાવોલ
- સ્વ.કન્ડી શ્રીલતા પડિન્જોરે ઉ.વ.૫૭, સેક્ટર-૧૪
- સ્વ.ચોરસીયા પ્રભાદેવી ભીષણપ્રસાદ ઉ.વ.૭૦, સેક્ટર-૨૭
- સ્વ.છાડવા મણીલાલ ખીમજી ઉ.વ.૭૩, અડાલજ

**● રૂદ્રભૂમિ ●**

- સ્વ.બારોટ પુરુસોત્તમભાઈ નથ્થુભાઈ ઉ.વ.૭૭, સરગાસણ
- સ્વ.ગોંડલીયા અરજણભાઈ વાઘજીભાઈ ઉ.વ.૮૨, અડાલજ
- સ્વ.પટેલ બાબુભાઈ જોઈતારામ ઉ.વ.૮૩, કુડાસણ
- સ્વ.પટેલ મહેન્દ્રકુમાર રાવજીભાઈ ઉ.વ.૫૭, સેક્ટર-૫
- સ્વ.શાહ કાન્તીલાલ લાલજી ઉ.વ.૭૪, અડાલજ
- સ્વ.ભટ્ટ મુદ્રિકાબેન ચંદ્રકાન્ત ઉ.વ.૮૨, સેક્ટર-૪